Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# જૈનધર્મ પ્રકાશ.

પુસ્તક ૧૯ મું.

સંવત ૧૯૫૯ના ચૈતરથી સંવત ૧૯૬૦ ના ફાગણ સુધી. અંક ૧૨

उपजाति.

धार्यः प्रबोधो हृदि पुण्य दानं,
शीलं सदांगीकरणीयमेव ।
तप्यं तपो भावनयैव कार्या,
जिनेंद्र पूजा गुरुभक्तिरुद्यमः ॥ १ ॥

"હૃદયમાં પ્રબોધ (જ્ઞાન) ને ધારણ કરવો, પવિત્ર દાન (અભય, સુપાત્ર, અનુકંપાદિ) આપવું, સર્વદા શીલ (બ્રહ્મચર્ય અથવા ઉત્તમ આચાર) અંગીકાર કરવું, તપ તપવો (શુભ) ભાવવડેજ (સર્વ કાર્ય) કરવાં, જિનેશ્વરની (દ્રવ્ય. ભાવ) પૂજા કરવી અને ગુરૂમહારાજની ભક્તિમાં ઉદ્યમ કરવો." (આ મનુષ્ય જન્મને સાર્થક કરવાના ખાસ કર્ત્તવ્યો છે.) ૧

प्रगट कर्त्ता.

## श्री जैनधर्म प्रसारक सभा.

ભાવનગર

અમદાવાદ.

"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ"માં,
નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપ્યું

સંવત ૧૯૫૯-૬૦ સને ૧૯૦૩-૪ શાકે ૧૮૨૫

વીર સંવત ૨૪૨૯-૩૦

વાર્ષિક મૂલ્ય રૂ. ૧)

પોસ્ટેજ ચાર આના.

श्री महावीर जैन आराधना केन्द्र कोबा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## आशिर्वचन.

(મદાક્રાંતા.)

જેવી રીતે શશી ધરી કળા પૂર્ણિમાએ પ્રકાશે,
તેવી રીતે વિવિધ વિષયે પૂર્ણ થઇ જે વિકાશે;
બોધો આપી અધિકજ કરે જેહ અજ્ઞાન નાશ,
તે દીર્ઘાયુ અધિક વધજો "જૈનધર્મ પ્રકાશ." ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# वार्षिक अनुक्रमणिका.


| વિષય | પૃષ્ટ. |
|---|---|
| ૧ શ્રી શાંતિજિન સ્તુતિ. (જૈનધર્મ પ્રકાશને આશિર્વાદ) પદ્ય. | ૧ |
| ૨ નવું વર્ષ. | ૨ |
| ૩ બેસતા વર્ષનો પ્રથમ લેખ. | ૪ |
| ૪ વ્રત દ્રઢતા. (સિંહ શ્રેષ્ટીની કથા) | ૮ |
| ૫ ધ્યાન વિષય. | ૧૨-૬૭-૮૪-૧૦૮-૧૩૪-૧૮૧ |
| ૬ તત્વજ્ઞાન, ઇતિહાસ અને ઉત્કર્ષના સંબંધમાં જૈનધર્મે કરેલો વધારો (મી. વીરચંદ રાઘવજીએ લંડનમાં કરેલું ભાષણ) | ૧૯-૫૦ |
| ૭ જૈન કોનફ્રેન્સ. | ૨૨ |
| ૮ વર્ત્તમાન સમાચાર. | ૨૨-૭૧-૯૫-૧૪૪-૨૬૨-૨૮૬ |
| ૯ શ્રી ભાવનગરમાં પ્રતિષ્ટા મહોચ્છવ. | ૨૫ |
| ૧૦ ભાવનગરમાં થયેલી ભયંકર આગ ( તે ઉપરથી ઉત્પન્ન થતા વિચારો.) | ૪૦ |
| ૧૧ પાલીતાણા દરબાર અને જૈનો. | ૪૨ |
| ૧૨ ભદ્રેશ્વરમાં મહોત્સવ. | ૪૬ |
| ૧૩ બનારસ સમાચાર. | ૪૮ |
| ૧૪ "નિ:સાર આ સંસાર કેવળ ત્યાજ્ય દુ:ખાગાર છે." પદ્ય. | ૪૯ |
| ૧૫ શ્રી ગોધરાના એક શ્રાવક ઉપર પન્યાસ શ્રી ગંભીરવિજયજીએ લખેલ પત્ર. | ૫૫ |
| ૧૬ બીજી જૈન કોન્ફરન્સ. | ૫૮ |
| ૧૭ બનારસ જૈન પાઠશાળા. | ૫૯ |
| ૧૮ પ્રશ્નોત્તર. | ૬૧-૧૧૩ |
| ૧૯ "નિ:સાર આ સંસારમાં છે સાર તે સમજી કરો." પદ્ય. | ૭૩ |
| ૨૦ જૈન કોન્ફરન્સ. (તે સંબંધી જાણવા લાયક સમાચાર) | ૭૫ |
| ૨૧ હાલમાં પ્રગટ થતા જૈન ગ્રંથો. (એક વિદ્વન્મંડળ સ્થાપવાની ખાસ જરૂર) | ૭૯ |
| ૨૨ જૈન ડીરેકટરીની જરૂર. | ૮૨ |
| ૨૩ જીર્ણ ગ્રંથોદ્ધાર. | ૯૭-૧૦૬ |
| ૨૪ વૈરાગ્ય. | ૯૧ |
| ૨૫ શ્રી મહાવીર જિન સ્તવન. (પદ્ય) | ૯૭ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


૨૬ અનુયોગ. ૯૮
૨૭ મનુષ્ય ભવની દુર્લભતા. ૧૦૦
૨૮ જિન પ્રતિમાના ફોટોગ્રાફ. ૧૧૦
૨૯ યુવાનોને ગ્રાહ્ય સન્માર્ગ. ૧૧૫-૧૩૯-૧૬૫
૩૦ બીજી જૈન કોન્ફરન્સ (ચર્ચવાઠરેલા નવ વિષયોનું સ્પષ્ટિકરણ) ૧૨૧
૩૧ ભવ્ય આત્મહિત શિક્ષા. ૧૨૭-૧૬૭
૩૨ શ્રી મગશીજી તીર્થના સંબંધમાં મળેલી ફતેહ. ૧૪૩
૩૩ બીજી જૈન (શ્વેતામ્બર) કોન્ફરન્સનો હેવાલ. ૧૪૫
૩૪ જૈન સેવકની જીજ્ઞાસા. (પદ્ય) ૧૬૯
૩૫ જૈન કોન્ફરન્સમાં થયેલા ફંડની વ્યવસ્થા સંબંધી અમારા વિચારો. ૧૭૧
૩૬ સદ્ભાવના. ૧૭૮
૩૭ હિરપ્રશ્ન તથા સેનપ્રશ્ન ઉદ્ધરિત સાર. ૧૮૬-૨૩૧
૩૮ વિનાશી વસ્તુનો વિનાશ. (ખરી પ્રતિતીના સાધન) ૧૮૯
૩૯ શ્રી કેશરીઆજી તીર્થના સંબંધમાં ચેતવણી. ૧૯૧
૪૦ ઉપદેશક પદ્ય. ૧૯૩
૪૧ અમારો પ્રવાસ. ૧૯૪
૪૨ મુનિઓને રેલમાં બેસી શકાય એવી મતલબના 'જૈન' પત્રમાં આવેલા લેખનો પ્રત્યુત્તર. ૨૦૩
૪૩ બનારસ જૈન પાઠશાળા વિષે વિજ્ઞપ્તિ. ૨૨૯
૪૪ અબોધ. (કેળવણી) ૨૩૩-૨૪૮-૨૬૮
૪૫ વર્તમાન ચર્ચા. ૨૩૬-૨૫૯
૪૬ દેવ તત્વાષ્ટક. (પદ્ય) ૨૪૧
૪૭ જીર્ણ પુસ્તકોદ્ધાર. (શા. કુંવરજી આણંદજીનું ભાષણ) ૨૪૨
૪૮ શી. મોતીચંદ ગીરધરલાલને માનપત્ર આપવા માટે માહ શુદ ૭ મે મેળવેલા જાહેર મેળાવડાનો હેવાલ. ૨૫૪
૪૯ આત્મોપદેશ. (પદ્ય) ૨૬૫
૫૦ જૈનમત સમિક્ષા સંબંધી વિચાર. (ભાવનગરથી મોકલેલી અરજીની નકલ, ભાષાંતર વિગેરે.) ૨૭૮
૫૧ ચરચા પત્ર. (પ્રશ્નોના ઉત્તરો આપવામાં થતી ગફલતો) ૨૮૩
૫૨ શેઠ ફકીરભાઇ પ્રેમચંદનું અકસ્માત મૃત્યુ. ૨૮૮


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

દોહરો.

મનુ જન્મ પામી કરી, કરવા જ્ઞાન વિકાશ;
નેહ યુકત ચિત્તે કરી, વાંચો જૈન પ્રકાશ.

પુસ્તક ૧૯ મું. શાકે ૧૮૨૫ ચૈતર. સંવત ૧૯૫૯. અંક ૧ લો.

## श्री शांतिजिन स्तुति.

### 'શ્રી જૈનધર્મ પ્રકાશને આશિર્વાદ.'

(મનહર)

"બહિરંતર્ લાપિકા."

શ્રીપતિ સર્વજ્ઞ પ્રાતિહાર્ય અષ્ટ શોભા યુકત,
શ્રી શાંતિ જિણંદ સુખશાંતિને વિસ્તારજો;
જૈન ધર્મ જયજયકાર થાય જગતમાં,
જૈનનો ઉદ્યોત આ ભૂમિ વિષે પ્રસારજો.
ન રહે અજ્ઞાન જ્ઞાન દીવાકર પ્રગટેને,
નરમાંહી એવું બુદ્ધિબળ બહુ થાપજો;
ધરી ધીર વીર નર શૂરવીર થઇ નિજ,
ધર્મની ઉન્નતિ કરે તેવી કૃપા રાખજો. ૧
રહેમ નજર રહે નરપર આપની તો,
રહે નહીં પાપ અને પુન્ય પુંજને લહે;
અતિવંત મનુષ્ય મચ્યા રહે કેળવણીમાં,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનમાં ન માન રહે–જ્ઞાન ગુણુને ગ્રહે.
પ્રસરે પ્રકાશ પ્રતિદિન જૈન પ્રજા માંહે,
પ્રગટે સ્વભાવ ને વિભાવને દૂરે કરે;
કાપે કુમતિને સ્થાપે જૈનશાળા ઠામ ઠામ,
સારા સજ્જનો મળી રૂડા વિચારો આચરે. ૨
સભાઓને શાળાઓ વિશાળ થાય સ્થાને સ્થાને,
રહે નહીં કુધારાનું મૂળ કદી જૈનમાં;
મારી એ અરજ સ્વામી આપ ઉરમાં ઉતારો,
કરો કૃપાનિધિ કૃપા તો તે થાય ક્ષણમાં.
શિઘ્ર કામ કરે આગેવાનો એવી મતિ આપો,
સભા મંડળોથી લાભ લક્ષ થાય છીનમાં;
કહે 'દેવશી' એ સભા પત્ર એ અખંડ રહો,
ભાવે અભિપ્રાય એવો આવ્યો મુજ મનમાં. ૩

# નવું વર્ષ.

અનંત ચતુષ્ટયના ભોક્તા શ્રી વીતરાગ પરમાત્માને ત્રીવિધે ત્રીવિધે પ્રણામ કરીને હું નવા વર્ષમાં પ્રવેશ કરૂં છું. હવે મારી યૌવન વય થવાને વર્ષ બે વર્ષનોજ વિલંબ છે. ક્રમેક્રમે વયવૃદ્ધિની સાથે મારા અંગમાં પણ વૃદ્ધિ થયેલી આપને દષ્ટિગત થશે. મારા પ્રવર્ત્તકો માત્ર આત્મ હિતાર્થેજ પ્રયાસ કરે છે તે કહેવાની ખાસ જરૂર નથી કેમકે તે આપ સર્વને બહુ વર્ષથી વિદિત છે. નવા વર્ષમાં મારી ઇચ્છા કાંઇક નવું નવું દર્શન કરાવવાની વર્તે છે પરંતુ તેની દોરી મારા પ્રવર્ત્તકોના તેમજ અન્ય વિદ્વાન જૈન લેખકોના હાથમાં છે. આ પત્રમાં લેખ લખવાની સર્વને છુટ છે તે તો લેખકોના નામો પરથી સર્વને જ્ઞાત છે. માત્ર તે લેખ જૈનશૈલીને અનુસરતા હોવા જોઇએ એટલોજ પ્રતિબંધ છે.

ગત વર્ષમાં નાના મોટા ૫૦ વિષયો આપવામાં આવ્યા છે. જેમાં ૧૨ વિષયો તો પદ્યબંધ છે; પરપરિવાદ, અભ્યાખ્યાન ને પૈશૂન્ય–એ ત્રણ પાપ સ્થાનકો સંબંધી વિષયો આપેલા છે; બે કથારૂપ વિષય છે; ૭ આવશ્યક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૈકી શેષ રહેલા ચારે આવશ્યકો સંબંધી વિષય તેના ખુલાસા સહીત આપવામાં આવ્યા છે; પ્રશ્નોત્તર જુદા જુદા ૧૧ મથાળા નીચે લખવામાં આવેલ છે જે કે ખરેખર ઉપયોગી છે; ધ્યાન સંબંધી વિષય હાલમાંજ શરૂ થઈ આર્ત્ત ને રૌદ્ર એ ધ્યાનનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે; મુખપૃષ્ટ ઉપરનો શ્લોક ત્રણ ભાગમાં સારી રીતે ચર્ચવામાં આવેલો છે; પ્રવાસનું વર્ણન ખાસ જાણવા લાયક આપેલું છે અને બીજા આત્મનિરીક્ષણ, હાલનો જમાનો, મુહપત્તિ, મિત્તભાષીપણું વિગેરે વિષયો ખાસ વિચારવા જેવા આપ્યા છે; સુખના સાધનો અને સદ્‌ગુણો મેળવવાની યોજના અનુકરણ કરવા યોગ્ય બતાવેલ છે; વર્તમાન સમાચાર વારંવાર આપીને જાહેર કરવા યોગ્ય હકીકતથી જૈનબંધુઓને જાણીતા કર્યા છે અને ઉપમિતિના પીઠબંધનું ભાષાંતર પણ પ્રસ્તાવના સમેત પૂર્ણ કરવામાં આવેલ છે.

ઉપર જણાવેલા વિષયો ઉપરાંત કેટલાક પરચુરણ વિષયો ને ચરચાપત્રોથી ૫૦ ની સંખ્યા પૂર્ણ થાય છે. આટલા ટુંક વિવેચન ઉપરથી ગત વર્ષમાં મેં મારી શકિતના પ્રમાણમાં કેટલુંક કામ બજાવ્યું છે તે સમજવું સહેલું થઇ પડે તેમ છે. મારા પ્રસિદ્ધ કર્તાઓએ મને શોભાવવા માટે કોઇ પ્રકારની બખીલાઇ કરી નથી.

આ નવા શરૂ થતા વર્ષમાં પરમાત્માની કૃપાદષ્ટિવડે બની શકે તેટલો વિશેષ લાભ આપવા મારા પ્રવર્તકોની ઇચ્છા છે. કથાના વિષયો વાંચવાથી ખરાઇ ગયેલા વાંચકોને માટે ગતવર્ષમાં માત્ર બે કથાઓજ આપેલી છે તેમ આ વર્ષમાં પણ કવચિત્ કવચિત્ નાની મોટી કથા આપી તેના રસીકોનો રસ બન્યો રાખવા ઇચ્છા છે; પાપસ્થાનકો સંબધી કેટલાક વિષયો આપવાના છે; મૈત્રી, પ્રમોદ, કરૂણા ને માધ્યસ્થ્ય એ ચાર ભાવના સંબંધી વિષયો આપવાના છે; ધ્યાન પૈકી બાકી રહેલ ધર્મધ્યાન ને શુકલધ્યાન સંબંધી લેખ તેના લેખક મુનિ તરફથી આવી ગયા પછી આર્ત્ત ને રૌદ્રધ્યાન વિગેરેનું વિશેષ સ્પષ્ટીકરણ એક લેખક તરફથી આવનાર છે; નવા નવા પ્રશ્નોત્તરો શરૂ રહેવાના છે; આધમાં એક પધબંધ વિષય ને પ્રાંતે વર્તમાન સમાચાર આપવા ઇચ્છા રહે છે; ખાસ સમજણને માટે કેટલાક વ્યવહારિક નીતિ સંબંધી લેખ પણ આવનાર છે. વિગેરે વિગેરે આભુષણોથી મારૂં અંગ શોભાવવા મારા અનુબંધકોની આકાંક્ષા છે.

ગતવર્ષમાં બે અમુલ્ય રત્નોને આપણે ગુમાવ્યા છે. ન્યાય વૈયાકરણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિમાં અતિ પ્રવીણ **મુનિરાજ શ્રી દાનવિજયજી** અને જૈન સિદ્ધાંતોના રહસ્યના પુરા અનુભવી, વયોવૃદ્ધ છતાં તપસ્વી **મુનિરાજ શ્રી ખાંતિવિજયજી** આ બે મહા પુરૂષોને વિકરાળ કાળે પોતાના કાળુમાં લઇ લીધા છે. જૈનવર્ગને એ બે મુનિરાજની ન પુરી શકાય તેવી ખોટ પડી છે. કાળની ગતિ દુરતિક્રમ હોવાથી એ સંબંધમાં વિશેષ લખવું નિષ્ફળ છે. પરંતુ આધુનિક સમયમાં ચારિત્રપાત્ર મુનિ મહારાજાઓ જેઓ જ્ઞાન ધ્યાનમાં નિમગ્ન રહેછે તેઓ વિશેષ પ્રકારનું તત્વજ્ઞાન મેળવી જૈનશાસનને ઉન્નત દશાએ પહોચાડે એવી અંતઃકરણની ઇચ્છા જણાવ્યા શિવાય રહી શકાતું નથી.

ગ્રાહકવર્ગે મારા તરફ આધથીજ મિષ્ટ દૃષ્ટિ રાખી છે અને તેવીજ કાયમ રાખે એમ મારી જીજ્ઞાશા છે. તેઓ વિચાર કરશે તો હું ખોરાક લઉં છું તેના પ્રમાણમાં વિશેષ કામ બજાવુંછું એવી તેમને ખાત્રી થયા શિવાય રહેશે નહીં એવો મને ભરૂસો છે.

પરમાત્માની કૃપા શિવાય કોઇ વાત સાધ્ય થઇ શકતી નથી. પરંતુ પુણ્યવાન જીવોના પુણ્યની શ્રેણિ પરમાત્માની કૃપાનો દૃશ્ય પુરાવ છે. પાંછળના બે ત્રણ વર્ષો સમસ્ત મનુષ્ય વર્ગના પાપોદયની સાક્ષીરૂપ ગયાં છે. વર્તમાન વર્ષ કેટલેક દરજ્જે સારૂ નિવડયું છે તો નવા વર્ષમાં ઉત્તમ જીવો ધર્મારાધન વિશેષ પ્રકારે કરો, ધર્મને વૃદ્ધિ પમાડો, આત્મોન્નતિ મેળવો, અન્ય જીવોના હિતના કારણ થાઓ, પરમાર્થ કરો. પરોપકારમાં તત્પર થાઓ, શુભ ભાવના ભાવો, અશુભથી દુર રહો, સર્વત્ર શાંતિ વર્તો, દુઃખનો પ્રલય થાઓ, સુખનો વિસ્તાર વૃદ્ધિ પામો, આધિવ્યાધિ વિલય જાઓ, પાપ વ્યાપાર પરાસ્ત પામો, નીતિ ગુણની વૃદ્ધિ થાઓ, શુભ પ્રકૃતિમાં શિષ્ટતા મેળવો ને પરમાત્માની કૃપાના ભાજન થાઓ. એવી મારી અંતઃકરણ પૂર્વક સર્વ ભવ્યજનો પ્રત્યે આશિષ છે.

હવે નવા વર્ષમાં મારી ફરજ યથાશક્તિ બજાવવા હું તત્પર થાઉંછું. પરમાત્મા મારા પ્રવર્તકોની લેખનીમાં પ્રશસ્ત બળની પ્રેરણા કરો અને તેમને સુયશ આપો.

---

# बेसता वर्षनो प्रथम लेख.

જૈન પંચાંગ વિગેરેને અનુસારે જોતાં જૈનોમાં તો વર્ષનો ફેરફાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચૈતર શુદિ ૧ થી હોવો જોઇએ પણ આ દેશમાં તમામ હિંદુ કોમમાં તેમજ વ્યાપારને અંગે અન્ય કોમમાં પણ વર્ષનો ફેરફાર કાર્તિક શુદિ ૧ થી થતો હોવાથી જૈન કોમમાં પણ તેજ દિવસથી ફેરફાર કરવામાં આવે છે અને કાર્તિક શુદિ ૧ મે બેસતું વર્ષ કહેવામાં આવે છે. વર્ષના ફેરફાર સાથે વ્યાપારીઓને વ્યાપારની સગવડતાને માટે ચોપડાઓનો પણ ફેરફાર કરવો પડે છે અને તેથી દર વર્ષે ચોપડા નવા બંધાવીને કાર્તિક શુદિ ૧ થી તેમાં નામું માંડવાનો પ્રારંભ કરે છે.

આ જગતના સર્વ જીવો સુખના અભિલાષી છે અને સુખ પ્રાપ્તિના મુખ્ય હેતુ તરીકે દ્રવ્યને માનવામાં આવેલ છે. જે કે કેટલેક અંશે સાંસારિક સુખભોગ આપવામાં બળવાન્ નિમિત્ત છે. નવા વર્ષમાં દ્રવ્ય પ્રાપ્ત સારી રીતે થાય અને વિઘ્ન કોઇ પ્રકારનું ન આવે એટલા માટે નવા ચોપડામાં પ્રથમ શુભ શબ્દો—આશિર્વચનો—ઉત્તમ પુરૂષોના નામો વિગેરે લખવા માટે પ્રારંભના બે પાના મુકીને ત્રીજાપાના ઉપર આસો વદ૦))ને દિવસે શુભ ચોઘડીઆ વિગેરેનો યોગ તપાસીને એવા પ્રકારનો લેખ લખવામાં આવે છે અને પછી તે લેખની અનેક શુભ દ્રવ્યોવડે પૂજા કરવામાં આવે છે.

આવો લેખ લખવાની તિથિમાં જુદા જુદા પ્રકાર ચાલે છે. કોઇ જગ્યાએ આસો વદ૦))સે લખાય છે, કોઇક જગાએ કાર્તિક શુદિ ૧ મે લખાય છે અને કેટલાક ગામોમાં કાર્તિક શુદિ ૫ મે ( જ્ઞાન પાંચમે ) પણ લખવામાં આવે છે.

મુહુર્તના (લખતના) સંબંધમાં પણ ફેરફાર ચાલે છે. કેટલાક ગોરજ (ગોધુળી) સમયે કરે છે, કેટલાક શુભ ચોઘડીયું જુએ છે અને કેટલાક બીજી રીતે શુભ સમય જોઇ એવો લેખ લખવાનું તથા પૂજન કરવાનું કામ કરે છે.

લેખ લખવાના સંબંધમાં પણ અનેક પ્રકાર ચાલે છે વૈષ્ણુવો પ્રાયે પોતાના દેવાદિકના નામો સાથે આશિર્વચનો લખે છે, મુસલમાન પોતાને અનુકુળ રીતે લખે છે અને જૈનો પોતાને યોગ્ય રીતે લખે છે. પરંતુ કાળક્રમે જ્યારથી જૈનગૃહ્ય ગુરૂનો બહુધા અસંભવ થવા માંડયો છે ત્યારથી મિથ્યાદૃષ્ટિ બ્રાહ્મણાદિકનો પરિચય વધતો જવાથી જૈનોના લેખમાં કેટલુંક મિથ્યાત્વ મિશ્રિત થઇ ગયું છે. અર્થાત્ જૈનોના લેખમાં મિથ્યાદૃષ્ટિ દેવોના નામો પણ ભળી ગયેલા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તમજનોએ ક્યારે પણ લોકીક દેવ ગુરૂકે પર્વગત મિથ્યાત્વ કોઇ પણ પ્રકારે સેવવું ન જોઇએ. તેમાં પણ બેસતા વર્ષ જેવા શુભ દિવસે તો વિશેષ રીતે સેવવું ન જોઇએ. આવા હેતુથી એ લેખ કેવા પ્રકારે લખાવો જોઇએ એ સંબંધમાં અનેક સ્થાનકેથી પ્રશ્ન થતાં આ લેખ લખવાનું કારણ ઉદ્‌ભવ્યું છે.

જૈનવર્ગે આ લેખ લખતાં તેમાં ગણેશ વિગેરે અન્ય દેવોના નામો યા તેમને નમસ્કાર કરવા રૂપ શબ્દો ન લખતાં નીચે પ્રમાણે લેખ લખવો યોગ્ય છે એમ અમારી માન્યતા છે. તેમાં કાંઇ ભુલ થતી હોય તો તે સુધારવા માટે વિચક્ષણ જૈનબંધુઓએ અમારી તરફ લખી મોકલવા અમારી વિનંતી છે.

श्री

श्री परमात्मने नम,

श्री गुरुभ्यो नमः

श्री सरस्वत्यै नमः

**શ્રી ગૌતમસ્વામીની લબ્ધિ હજો. શ્રી કેશરીઆજીનો ભંડાર ભરપૂર હજો. શ્રી ભરતચક્રવર્તીની ઋદ્ધિ હજો. શ્રી બાહુબળનું બળ હજો. શ્રી અભયકુમારની બુદ્ધિ હજો. શ્રી કયવન્ના શેઠનું સૌભાગ્ય હજો. શ્રી ધનશાળીભદ્રની સંપત્તિ હજો.**

આટલું લખ્યા પછી જે શેહેરમાં ચોપડો લખાતો હોય તે શેહેરનું, વર્તમાન રાજાનું, ચોપડાના માલેકનું અને ચોપડાનું નામ લખાય છે અને નવા વર્ષની મિતિ '**સંવત ૧૯ ના કાર્તિક શુદિ ૧ વાર** ' આ પ્રમાણે લખવામાં આવે છે. તેની નીચે મધ્યમાં ૭–૫–૩–૨–૧ એમ શ્રીકાર કરવામાં આવે છે અને તેની બંને બાજુએ ગોળ, ધાણા, કંકુ, સોપારી વિગેરે મંગળીક ગણાતી વસ્તુઓના નામ લખવામાં આવે છે. આમાં કાંઇ ફેરફાર કરવામાં આવતો હોય તો તેની સાથે આપણી મૂળ હકીકતને કાંઇ સંબંધ નથી.

ઉપર જે કાંઇ પ્રારંભનો લેખ બતાવવામાં આવ્યો છે તેમાં પ્રારંભમાં દેવ, ગુરૂ અને સર્વ વિદ્યાની અધિષ્ટાતૃ સરસ્વતિ દેવીને નમસ્કાર કરીને પછી નવા વર્ષને માટે પોતાની ઇચ્છા અનુસાર આશિર્વચનો લખવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે કે—"આ નવા વર્ષમાં મને ગૌતમ સ્વામીની જેવી લબ્ધિ, કેશરીઆજી જેવો અખૂટ ભંડાર, ભરત ચક્રવર્તી જેટલી ઋધિ, બાહુબળ જેટલું બળ, અભયકુમાર જેવી બુદ્ધિ, કયવન્ના શેઠ જેવું સૌભાગ્ય અને ધનાશાળીભદ્ર જેવી સંપત્તિ પ્રાપ્ત થજો." પ્રસંગોપાત્ આમાં અતિ ઉત્તમજનોના નામ લખવામાં તેમજ સ્મરણ કરવામાં આવે છે તે શ્રેષ્ટ વાત છે. પરંતુ સમકિત દ્રષ્ટિ એવી અપરિમિત અથવા અપ્રાપ્ય ઇચ્છા ન કરે એ વાત અવશ્ય ધ્યાનમાં રાખવા લાયક છે. તેમજ એ પ્રસંગે ગણેશનું, મહાલક્ષ્મીનું કે રત્નાકરનું પણ નામ જૈનવર્ગને લખવા યોગ્ય નથી. જો કે ગણેશ એવું ગૌતમ સ્વામીનું પણ નામ છે અને મહાલક્ષ્મી કેટલાક જૈનોની કુળ દેવતા પણ હોય છે પરંતુ તે નામ અને તે દેવો મિથ્યાદ્દષ્ટિએ ગ્રહણ કરેલા હોવાથી આપણે તે નામ લખવા યોગ્ય નથી. રત્નાકર અતિ ગંભીર છે પણ માત્ર અપ્કાયમય છે અને અન્ય મતમાં તેને દેવ તરીકે માનેલ છે તેથી તે નામ પણ લખવું ઘટિત નથી.

ઉપર પ્રમાણે લેખ સંબંધી વિવેચન કર્યા પછી હવે તેવો લેખ લખીને કરવામાં આવતા પૂજન ઉપર આવીએ. આવા લેખને શ્રુતજ્ઞાન તરીકે ગણીને તેની અનેક પ્રકારે-અનેક શુભદ્રવ્યોવડે પૂજા કરવામાં આવે તો તેમાં કાંઇ પણ વાંધા જેવું નથી. પરંતુ તેની બ્રાહ્મણો તરફથી કરાવાતી પૂજા અને તે પૂજાનો વિધિ તથા તે વિધિની અંતર્ગત કરાવવામાં આવતી શીવની, ગણેશની, મહાકાળીની અને મહાલક્ષ્મીની પૂજા-આ બધું વાંધા ભરેલું છે મિથ્યાત્વમય છે, મિથ્યાદ્દષ્ટિનીજ કરણી છે અને સમકિત દ્દષ્ટિ જૈનબાઇઓને તજવા યોગ્ય છે. આ સંબંધમાં બીજો જૈનશાસ્ત્રોક્ત કોઇ વિધિ અમારા જોવામાં કે સાંભળવામાં આવેલ નથી, કે જે અહીં તેને બદલે બતાવી શકીએ પરંતુ તેવા વિધિની ગેરહાજરીમાં મિથ્યાત્વ યુક્ત વિધિ કરવો તેતો કોઇ પણ રીતે યોગ્ય કહી શકાશે નહીં. તેથી બ્રાહ્મણને નહીં બોલાવતાં સ્વયમેવ જ્ઞાનની કુંકુમ, પુષ્પ, અક્ષત, ધુપ, દીપ, ફળ, નૈવેદ્ય, દ્રવ્ય ( પૈસા, રૂપા નાણું વિગેરે ) તથા અન્ય અબીલ ગુલાલાદિ પદાર્થોવડે પૂજા કરવી અને પ્રાંતે **सर्व मंगल मांगल्यं, सर्वकल्याण कारणं । प्रधानं सर्व धर्माणां, जैनंजयति शासनं॥** આ શ્લોક બોલી વિધિ પૂર્ણ કરવો. આ પ્રસંગે ખડીઓ તથા લેખણ વિગેરે જ્ઞાનનાં ઉપકરણોની પૂજા કરવામાં આવે તો તે નિષેધવા યોગ્ય નથી. પરંતુ આવા ઉત્તમ દિવસે અન્ય દેવોની તેમજ પ્રત્યક્ષ મિથ્યાદ્દષ્ટિ બ્રાહ્મણોની પૂજા કરવામાં આવે છે તે સર્વથા હેય ( તજવા યોગ્ય ) છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર પ્રમાણે પૂજા કર્યા પછી દેવગુરૂના દર્શને જવાનો તેમજ બેસતા વર્ષે પ્રાતઃકાળમાં પણ દેવગુરૂ સમિપે જવાનો પ્રચાર છે તે પ્રશંસા પાત્ર છે પરંતુ અમૃતમાં ઝેર ભેળવવાની જેમ તે પ્રસંગે અન્ય દેવી દેવલાંના દર્શન કરવા જવું કે કુગુરૂ ( અન્યમતિ કે જતિ વિગેરે ) પાસે જવું એ સર્વથા ત્યાગ કરવા લાયક છે. એ પ્રમાણે જવાથી સર્વને સરખા ગણવાપણું થાય છે, અને તેથી જિનેશ્વરના દર્શનનું ફળ પણ હારી જવાય છે. માટે તે પ્રસંગે તો આ ભવ પરભવમાં હિતકારી, પરમ પવિત્ર શ્રી વીતરાગ દેવના તેમજ ઉત્તમ મુનિરાજના દર્શનનોજ લાભ લેવો શ્રેયસ્કર છે. આ વિષયમાં વધારે વિવેચન અન્ય લેખ કોઇ આવશે તો તે પ્રસંગે કરશું. હાલ વધારે લખવાની જરૂર નથી.

# व्रत द्रढता.

સદ્ગુરૂના ઉપદેશથી, સુજ્ઞ શ્રાવકના કથનથી, વિદ્વાન ગૃહસ્થના વ્યાખ્યાનથી, ઉત્તમ જનોની શુભ પ્રવૃત્તિથી, નીતિવાન મનુષ્યોની રહેણી કરણીથી તેમજ વ્રત ધારીઓની ધર્માચરણાથી-ભવ્ય જીવોને અનેક પ્રકારના નિયમો, વ્રત, બાધાઓ, પ્રત્યાખ્યાન વિગેરે ગ્રહણ કરવાની ઇચ્છા થાય છે. અને તેને પરિણામે કેટલાક તાત્કાળિક અને કેટલાક થોડો વિલંબ કરીને કોઇ પ્રકારના નિયમો, કોઇ પ્રકારના અણુવ્રત, ગુણવ્રત કે શિક્ષાવ્રતો, કોઇ પ્રકારની સામાન્ય વિશેષ બાધાઓ અને કોઇ પ્રકારના નવકારશીથી ઉપવાસ પર્યંતના પ્રત્યાખ્યાનો યથા શકિત ગ્રહણ કરે છે. આ પ્રમાણે ગ્રહણ કરવાની ઇચ્છા થવી કે ગ્રહણ કરવું તે ઘણું મુસ્કેલ છે, એટલે કે કર્મની સ્થિતિ કાંઇક મંદ હોવાથીજ એવા કિંચિત્ પણ ત્યાગમાં પ્રવૃત્તિ થાય છે, પરંતુ એવા નિયમાદિ ગ્રહણ કર્યા પછી તેને દ્રઢ પણે પાળવા, કરેલા નિયમ પ્રમાણે પર્યંત ભાગ લાવવો, કાંઈ પણ દોષ ન લગાડવો, ચિત્ત વૃત્તિ પણ બનતા સુધી ચપળ ન કરવી, અતિચાર પણ પરિણામે અનાચારના કારણભૂત થાય છે એમ સમજી તેથી ડરતા રહી ન લગાડવા, એ ખરેખર જરૂરનું છે. પ્રથમનો પ્રયાસ સફળ પણ ત્યારેજ છે, હિતકારક પણ ત્યારે છે, લાભનો યથાર્થ સંભવ પણ ત્યારે છે અને બીજાને અનુકરણીય પણ ત્યારેજ થવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાક મનુષ્યો શરમના કારણથી, ના ન પાડી શકાવાથી, પોતાની શકિતની તુલના ન હોવાથી, વ્રત નિયમાદિનું પૂરૂં સ્વરૂપ ન સમજવાથી તેમજ બીજાં કેટલાક કારણથી અનેક પ્રકારના વ્રત નિયમાદિ લે છે; તેઓ પણ જો લીધા પછી પ્રતિજ્ઞા કરેલ વિષયમાં દ્રઢ રહે છે તો તેઓ પૂર્ણ ફળના ભોગી થાય છે પરંતુ તેઓ સમજીને યા સમજ્યા વિના, શરમથી કે ભાવથી, શક્તિની તૂલના કરીને કે કર્યા વિના પણ વ્રત નિયમાદિ લીધા પછી તેમાં શિથિળતા બતાવે છે, અલ્પાદર કે નિરાદરપણુ રાખે છે, જાણી જોઇને ભૂલી જવાના પ્રયત્ન કરે છે, સહજના કારણમાં પણ દ્રઢતા રાખતા નથી અને વારંવાર અતિચાર દોષ લગાડી પરિણામે અનાચારની કોટીમાં પ્રવેશ કરે છે તેઓ પોતે તો લાભ મેળવતા નથી પરંતુ બીજા ભદ્ર પરિણામી જીવોની શ્રદ્ધાને પણ ઉલટા હાની પહોચાડે છે અને પોતે પણ હાની મેળવે છે.

કેટલાક ઉત્તમ જીવો ગમે તેવા નિમિત્તને પામીને ગમે તે પ્રકારનાં વ્રત નિયમ ગ્રહણ કરે છે પરંતુ લીધા પછી ગમે તેવા કષ્ટમાં પ્રાણાંતે પણ ગ્રહણ કરેલા નિયમને છોડતા નથી. **ઉપદેશ પ્રાસાદ**માં **સિંહ** નામના એક શ્રેષ્ટિની કથા છે તે આવા પ્રસંગને અનુસરતી છે તે આ પ્રમાણે.—

**વસંતપુર** પત્તનમાં **કીર્તિપાળ** નામે રાજા હતો. તેને **ભીમકુમાર** નામે પુત્ર હતો. તે નગરમાં **સિંહ** નામે એક શ્રેષ્ટિ રહેતો હતો. તે જૈન ધર્મે વાસિત ચિત્તવાળો હતો અને દિશા પરિમાણ વિગેરે કેટલાક વ્રતો તેણે ગ્રહણ કરેલા હતા. રાજાની તેની સાથે બહુ મિત્રતા હતી. પોતાના પુત્ર કરતાં પણ તેનાપર રાજાનો વધારે સ્નેહ હતો.

અન્યદા **નાગપુરી**ના રાજાનો ખાસ સેવક **વસંતપુર** આવ્યો અને રાજસભામાં આવી રાજાને પ્રણામ કરીને બોલ્યો કે–"હે રાજેંદ્ર ! મારા સ્વામી **નાગચંદ્ર** નામના રાજાને **રત્નમંજરી** નામની પુત્રી છે. તે અત્યંત સ્વરૂપવાન છે. તેનું સ્વરૂપ જોવાને માટેજ જાણે ચંદ્ર સૂર્ય આકાશમાં પરિભ્રમણ કર્યા કરતા ન હોય, તેના લાવણ્યથી શરમાઇને દેવાંગના પણ જાણે આકાશમાં ગઇ ન હોય અને તેની સૌંદર્યતા સહન ન થવાથીજ જાણે નાગાંગના પાતાળમાં ગઇ ન હોય એમ જણાય છે. હે રાજન્ ! તે કન્યાને માટે યોગ્ય વરની શોધ કરતાં આપનો પુત્ર ભીમકુમાર તેને અનુરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર છે એમ જણાવાથી મારા સ્વામીએ મને પોતાનો ખાસ વિશ્વાસ પાત્ર ધારી અહીં મોકલ્યો છે માટે આપ મારી સાથે તે કુમારીકાનું પાણી ગ્રહણ કરવા માટે આપના પુત્રને મોકલો" રાજા તેના આવા કથનથી બહુ પ્રસન્ન થયો. અને પોતાના પરમ સ્નેહપાત્ર સિંહ શ્રેષ્ટિને કહ્યું કે—તમે ભીમકુમારને લઇને નાગપુર જાઓ અને પાણીગ્રહણ કરાવી આવો.

સિંહ શ્રેષ્ટિ રાજાની આવી આજ્ઞા સાંભળી મૌન રહ્યો, કાંઇ પણ બોલ્યો નહીં. એટલે રાજાએ ફરીને કહ્યું કે–કેમ તમને આ વાત રૂચતી નથી? શા માટે ઉત્તર આપતા નથી? શ્રેષ્ટિ બોલ્યો-હે રાજન્! આ વાતમાં મને ન રૂચે તેવું શું છે? પરંતુ મેં દિશા પરિમાણ વ્રત ગ્રહણ કરેલું છે તેમાં એકસો યોજન ચારે દિશાએ જવાનો નિયમ કરેલો છે અને નાગપુર અહીંથી સવાસો યોજન દૂર થાય છે તેથી હું ત્યાં જઇ શકું એમ નથી, સિંહ શ્રેષ્ટિનો આવો ઉત્તર સાંભળી રાજાને બહુજ ક્રોધ ચડયો. કારણ કે **आज्ञाभंगो नरेंद्राणां** એ શ્લોક પ્રમાણે રાજાને પોતાની આજ્ઞાનો અમલ ન થવાથી બહુ લાગી આવ્યું. રાજાએ કહ્યું કે, મારા હુકમથી તું નાગપુર નહીં જાય તો હું તને ઊંટ ઉપર ચડાવીને હજાર યોજન મોકલાવી દઇશ. રાજાના આવા ક્રોધ યુકત વચનો સાંભળી સિંહ શ્રેષ્ટિએ વિચાર્યું કે રાજાનો સ્નેહ આવો છે! નીતિ શાસ્ત્રમાં કહ્યું છે કે–**राजा मित्रं केन दृष्टं श्रुतं वा.** આ શ્લોક પ્રમાણે રાજા કોઇના મિત્ર હોતા નથી, માટે હવે અત્યારે તેની આજ્ઞા પ્રમાણે કર્યા શિવાય બીજો ઉપાય નથી. વળી આગળ ઉપર જોઈ લેવાશે. એમ વિચારી તેણે રાજાને કહ્યું કે આપની આજ્ઞા તેવીજ છે તો હું જવાને તૈયાર છું. રાજા આવા ઉત્તરથી રાજી થયો અને તત્કાળ ભીમકુમારને પરણવા માટે જવાની તૈયારીઓ કરવા યોગ્ય અધિકારીઓને હુકમ આપ્યો.

થોડા વખતમાં કેટલાક સૈન્ય સાથે ભીમકુમાર નાગપુર જવા તૈયાર થયો. એટલે રાજાએ તે સર્વમાં સિંહ શ્રેષ્ટિને મુખ્ય ઠરાવીને રવાને કર્યા. માર્ગે ચાલતાં સિંહ શ્રેષ્ટિએ ભીમકુમારને એવો યુકિતપુરઃસર ઉપદેશ આપ્યો, સંસારની અસારતા એવી સમજાવી અને સ્રીનું દોષયુકતપણું એવું સજ્જડ સમજાવ્યું કે તેનું ચિત્ત પાણીગ્રહણ કરવાથી વિમુખ થઇ ગયું. અનુક્રમે સો યોજન લગભગ ગયા એટલે સિંહશ્રેષ્ટિ અટકયો કે હવે હું આગળ ચાલવાનો નથી. સાથેના માણસો અને ભીમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુમાર પણ અટકયા કેમકે સિંહ શેઠને લીધા શિવાય તેમનાથી આગળ ચાલી શકાય એમ નહોતું. સાથેના માણસોમાંથી એક સેવકે ભીમકુમારને એકાંતે લઇ જઇને કહ્યું કે—રાજાનો અમને હુકમ છે કે માર્ગમાં સિંહશ્રેષ્ટિ કદી અટકે તો તમારે તેને બાંધીને નાગપુર લઇ જવો. ભીમકુમારે તેને પોતાનો ધર્મગુરૂ માનેલો હોવાથી તે વાત તેણે સ્વીકારી નહીં પરંતુ સિંહશ્રેષ્ટિને એકાંતે તે વાત જણાવી.

વ્રત પાળવામાં અત્યંત દ્રઢતાવાળા સિંહશ્રેષ્ટિએ કહ્યું કે—હું અહીંથી જરા દૂર જઇને પાદપોપગમ[1] અણસણ અંગીકાર કરીશ, પછી મને બાંધી લઈ જઇને પણ તેઓ શું કરશે ! કુમાર મૌન રહ્યો. સંધ્યાકાળે અવસર જોઇને સિંહશ્રેષ્ટિ અરણ્ય તરફ ચાલ્યો. કુમારપણ સાથે થયો. કેટલીકવાર સુધી રાહ જોતાં તે બંને પાછા આવ્યા નહીં એટલે રાજસેવકો તેની શોધ કરવા નીકળ્યા. દૂર જતાં તે બંને દીક્ષા અંગીકાર કરી પાદપોગમ અણસણ કરીને રહેલા નજરે પડયા. સેવક પુરૂષો તો તે જોઇને સ્તબ્ધજ બની ગયા. ભીમકુમારને બોલાવવા તેઓએ ઘણો પ્રયત્ન કર્યો. પણ જ્યારે તે પણ કાંઇ બોલ્યો નહીં ત્યારે સેવકોએ બંનેને એક સરખી સ્થિતિમાં રહેલા જાણ્યા. પછી સેવકોએ કહ્યું કે "આપે આ કાર્ય બહુજ ઉત્તમ કર્યું છે. અમારા જે કાંઇ અપરાધ હોય તે આપ ક્ષમા કરજો. પરંતુ અમારી એટલી અરજ છે કે આ વાત રાજાજી જાણશે ત્યારે અમારી ઉપર કોપાયમાન થઇ અમને ઘાણીમાં ઘાલીને પીલી નાખશે માટે કોઇ પણ પ્રકારે અમારા પર અનુગ્રહ કરો." આનો ઉત્તર કાંઇ પણ મળ્યો નહીં એટલે સેવકો નિરાશ થયા.

અનુક્રમે આ ખબર કીર્તિપાળ રાજાને પહોચ્યા. રાજા તે વાત સાંભળીને બહુજ કોપાયમાન થયો અને ભીમકુમારને બાંધી નાગપુર લઇ જઇને પરણાવવો અને સિંહશ્રેષ્ટિનો શત્રુની જેમ વધ કરી નાખવો—એવો નિર્ણય કરી પોતે ત્યાં આવવા નીકળ્યો. કેટલેક દિવસે રાજા ત્યાં પહોચ્યો. સિંહ અને ભીમની પાસે જઇને જુએ છે તો વ્યાઘ્ર સિંહાદિ ક્રૂર પશુઓ પણ તેની સેવા કરી રહ્યા છે અને તે બંને શાન્ત રસમાં નિમગ્ન થઇ ગયેલા છે. રાજાનો ક્રોધ તેમને જોતાંજ શાંત થઇ ગયો અને તેણે ભકિતવાળા ચિત્તથી તે બંનેને નમસ્કાર કર્યો.

---

૧ ચાર આહારનો ત્યાગ કરીને તુટી પડેલી ઝાડની ડાળની જેમ કાંઇ પણ હાલ્યા ચાલ્યા શિવાય સ્થિર રહેવું તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુક્રમે એક માસને અંતે શુભ ભાવવૃદ્ધિ પામતાં સિંહશ્રેષ્ટિને અને ભીમકુમારને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. અનેક સુરાસુરોએ મળીને તેમના કેવળજ્ઞાનનો મહોત્સવ કર્યો. રાજા પણ બહુ આનંદ પામ્યો. પ્રાંતે તે બંને સર્વ કર્મને ખપાવીને મોક્ષે ગયા. તે વખતે કીર્તિપાળ રાજાને ઘણો શોક થયો અને કહ્યું કે—

न योजन शतादुर्ध्वं, यास्यामि तवनिश्चयः ।
असंख्यैर्योजनैर्मित्र, मां मुक्त्वा किमगात् शिवं ॥

" હે મિત્ર! સો યોજન ઉપરાંત ન જવાનો તારો નિયમ હતો, છતાં મને તજીને અસંખ્ય યોજન દુર રહેલા શિવપુરમાં તું કેમ ચાલ્યો ગયો?" પછી રાજા વિગેરે સૌ ત્યાંથી પોતપોતાના સ્થાનકે ગયા.

આ પ્રમાણે અંગીકાર કરેલા વ્રત નિયમાદિમાં દઢ રહે છે તે પ્રાણી પોતાના આત્માનું હિત કરે છે અને અન્ય જીવોનું પણ હિત કરનાર થાય છે.

---

# ध्यान विषय.

## ३ धर्मध्यान.

દુર્ગતિમાં પડતાં પ્રાણીઓને અટકાવીને જે સુગતીમાં લઇ જાય તેને સામાન્ય ધર્મ કહે છે; ધર્મથકી દેવલોક યા જેથી આત્મા મોક્ષ પામે એવાં કારણોની જોગવાઇ મળે છે. ધર્મ સંબંધી બાહ્યાભ્યંતર કારણમાં ચિત્તની એકાગ્રતાને ધર્મધ્યાન કહેવામાં આવે છે, વળી તેનું કથન કરાય છે.

દુહા.

सर्व जीव निज जीव सम, चिंतवतो गुणवंत;
सामता रसमां झीलतो, वीर संवेग धरंत. १
धीरपणे सहतो सदा, परिसहने उपसर्ग;
रागादिक सवी जीपतो, अंतरंग रिपु वर्ग. २
निर्मळ संयम पाळतो, परिहरतो सवि दोष;
आशा परनी छांडतो, मन धरतो संतोष. ३

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मुख सघळां संसारनां, चिंतवतो दुःखरुप;
एह ध्यानने ध्यावबा, योग्य कह्यो मुनि भूप. ४

**ભાવાર્થ**=ભવ્યપ્રાણી સર્વ ત્રસ સ્થાવર જીવોને પોતાના સરખા જાણતો તથા સમતારસ ધારણ કરી વૈરાગ્ય રંગમાં સ્થીર થયો છતો ધર્મધ્યાન ધ્યાવાને યોગ્ય કહેવાય છે; વળી એ ધર્મધ્યાનારૂઢ ભવ્યપ્રાણી પરિસહ તથા ઉપસર્ગને સહન કરે, રાગ, દ્વેષ, મોહ ઈત્યાદિ અંતરંગ રિપુસમુદાયને જીતે. સર્વ દોષનો ત્યાગ કરતાં અને નિર્મળ સંજમ પાળતાં ધર્મધ્યાન પ્રાપ્ત થાય છે. એ ધ્યાનના અર્થી ભવ્યજીવો પરની આશા છાંડે છે અને નિસ્પૃહતા ધારણ કરે છે. નિસ્પૃહતા ધારણ કરવાથી મનમાં ઉત્પન્ન થતી વિકલ્પ સંકલ્પની શ્રેણિઓનો નાશ થાય છે. લોભરૂપી સમુદ્રને તરવામાં નિસ્પૃહતા વહાણ સરખી છે. તે વિષે કહ્યું છે કે;—

श्लोक—आशापिशाचिकानित्यं देहस्थादुःखदायिनी ।
संतोषवरमंत्रेण समुखीयेननाशिता ॥ १ ॥
खिद्यतेप्रत्यहंप्राणी बह्वाशापाशपाशितः ।
वांछाविछेदजंसौख्यं स्वप्नेप्येषनविंदति ॥ २ ॥ ઈત્યાદિ

ધર્મધ્યાનાર્થી જીવ સંસાર સંબંધી સર્વ સુખને દુઃખરૂપ ગણે છે એ ધ્યાનને ધ્યાવવાને મુનીશ્વર મહારાજા વિશેષે કરી યોગ્ય છે. કારણ કે તેમણે વિકલ્પ સંકલ્પરૂપ ઉપાધિનાં કારણોનો ત્યાગ કર્યો હોય છે. શ્રાવક વર્ગ પણ એ ધ્યાનારૂઢ થઇ શકે છે. ધર્મધ્યાનથી રાગ દ્વેષની મંદતા થાય છે અને મોક્ષ સુખની ઇચ્છા રહે છે. ધર્મધ્યાનના ચાર પાયા છે. **१ आज्ञाविचय. २ अपायविचय ३ विपाकविचय, ४ संस्थानविचय.**

પ્રથમ **१ आज्ञाविचयपाया** નું સ્વરૂપ કહે છે. વીતરાગ ભગવંતે કેવળજ્ઞાનવડે કરી જે જે પદાર્થોનું જેવું જેવું સ્વરૂપ કહ્યું છે તે સર્વ સત્ય માને. ષડ્દ્રવ્ય સ્વરૂપ નયપ્રમાણ નિક્ષેપા સહિત, સિદ્ધસ્વરૂપ, નિગોદસ્વરૂપ, લોકસ્વરૂપ જેમ કહ્યું છે તેમ સદ્દહે. વીતરાગ ભગવંતની આજ્ઞા વ્યવહાર નિશ્ચયપણે જાણે. સદ્દહે. વ્યવહાર અને નિશ્ચય એ બે નયમાંથી કોઇને પણ ઉથાપે નહીં. કહ્યું છે કે **आणाएधम्मो०** વીતરાગ ભગવંતની આજ્ઞા સત્ય માનવી, તથા તે પ્રમાણે વર્તવું, તેમાં ધર્મ છે, પણ ઉટપટાંગ જેવું પોતા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના મનમાં ભાસ્યું, તેમ માનવું, તેમાં ધર્મ નથી. ષડાવશ્યકની કરણી કરવી તે પણ વીતરાગની આજ્ઞા છે.

વીતરાગ ભગવંતે સાધુને પંચમહાવ્રત ધારણ કરવાં કહ્યાં છે તે કહે છે. ૧ અહિંસા. ૨ સત્ય. ૩ અસ્તેય. ૪ બ્રહ્મચર્ય. ૫ સર્વ પરિગ્રહ ત્યાગ. એ પંચમહાવ્રત પાળવાથી આત્મહિત થાય છે. જે ભવ્ય પુરૂષો પંચમહાવ્રત શુદ્ધ પાળે છે, પળાવે છે અને પાળનારને અનુમોદે છે તેમને ધન્ય છે. ભવ્ય જીવો આ સંસારને અથિર જાણી તેમાં મોહ કરતા નથી. અને ધર્મધ્યાનમાં તત્પર થાય છે. પંચમહાવ્રત પાળવાની શકિત ન હોય તે જીવો શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કરે છે. શ્રાવકના બાર વ્રતનો વિશેષ અધિકાર ધર્મરત્ન પ્રકરણ તથા જૈનતત્ત્વાદર્શ વિગેરેથી ગુરૂગમ દ્વારાએ જોઇ લેવો. ભવ્યજીવો એ યાદ રાખવું કે—એક દિવસ આ શરીરનો નાશ થશે અને આત્મા પર ગતિમાં ઉત્પન્ન થઇ બીજું શરીર ધારણ કરશે. ત્યાં સુખદુઃખ સ્વકૃત કર્માનુસારે પામશે. દશ દ્રષ્ટાંતે દુર્લભ મનુષ્યજન્મ પંચમકાળમાં પામીને જે ભવ્યો વીતરાગ ભગવંતની આજ્ઞાનુસાર યથાયોગ્ય સ્વશકિત અનુસારે ધર્મ સાધન કરશે તે અનુક્રમે શિવસંપદા પામશે.

વીતરાગ ભગવંતે નવતત્ત્વનું જે સ્વરૂપ કથન કર્યું છે તેને તે પ્રમાણે સત્ય કરી માને તથા સૂત્ર ચુર્ણી ભાષ્ય નિર્યુકિત ટીકા તેનો ગુરૂક્રમ પરંપરાએ ચાલતો આવેલો જે અનુભવ, એ પ્રમાણે સૂત્રોનાં જે જે અંગ કહ્યા છે તે સત્ય કરી માને, તેથી વિરૂદ્ધ ઉપદેશ આપે નહીં. વીતરાગની આજ્ઞા લોપી આપમતિએ સ્વછંદી થાય નહીં. વ્યવહાર અને નિશ્ચય એ બે નય સત્ય કરી જાણે, અને તે પ્રમાણે વર્તે. ज्ञानक्रियाभ्याम् मोक्षः જ્ઞાન અને ક્રિયાએ કરી મોક્ષ છે, ફકત એકલા જ્ઞાનથી વા એકલી ક્રિયાથી મોક્ષ નથી. માટે બેમાંથી કોઇનું ઉથ્થાપન કરવું નહીં એ જીનાજ્ઞા છે. વ્યવહારની મુખ્યતા રાખી નિશ્ચયદ્રષ્ટિ હૃદયમાં ધારણ કરી જે ભવ્યજીવો વર્તશે તે ભવસમુદ્રનો પાર પામશે. એ બે નયમાંથી કોઇનું ઉત્થાપન કરે નહીં. ગુણસ્થાનક ક્રમારોહમાં કહ્યું છે કે—

गाथा—जइजिणमयं पवज्जह, तामा ववहार निछ्थए मुयह ।
ववहारनउछेए तिथ्थु छेओ जओ भाणिओ ॥

ભાવાર્થ—જો જીનેશ્વર કથીત ધર્મને અંગીકાર કરતા હો તો વ્યવહાર અને નિશ્ચયનો ત્યાગ કરશો નહીં, જો વ્યવહાર નયનો ઉછેદ કરશો તો તી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થૈનો ઉછેદ થઇ જશે અને તેથી અનંત સંસાર પ્રાપ્ત થશે. આ ઉપર દ્રષ્ટાંત છે. જેમકે-કોઇ પુરૂષ નિરંતર પોતાના ઘરમાં બાજરીની રોટી ખાય છે. કોઇ દીવસે કોઇ ગ્રહસ્થે તેને પોતાને ઘેર નોતરી બાસુદી, પુરી, દુધપાક, લાડુ વિગેરેનું ભોજન કરાવ્યું. હવે તે પુરૂષ પોતાને ઘેર આવી પોતાના ઘરમાં કરેલા બાજરાના રોટલાને પૂર્વના મિષ્ટાન્નના સ્વાદને સંભારી ખાતો નથી અને મિષ્ટાન્ન મળતું નથી, તેથી જેમ તે પુરૂષ ઉભયભ્રષ્ટ થઇ દુઃખી થયો. તેમ આ જીવ ધર્મના નિમિત્તભૂત ષડાવશ્યકાદિ ક્રિયા કરતો નથી, અને સમાધિરૂપ ધ્યાનામૃતનો યત્કીંચીત્ સ્વાદ અનુભવી પડિક્કમણુ પડિલેહણુ પ્રમુખ ક્રિયા બાજરાના રોટલા સમાન જાણી તેના ઉપર અરૂચિ કરે છે તે જીવ ઉભયથી ભ્રષ્ટ થાય છે.

કોઇ હાલના વખતમાં સાધુપણું માનતા નથી તે પણ જીનાજ્ઞા વિરૂદ્ધ છે. શ્રીભગવતિ સૂત્રના પચવીશમા શતકના છઠ્ઠા ઉદ્દેશામાં લખ્યું છે કે-પંચમકાળમાં બે પ્રકારના નિગ્રંથ હોશે. તેનાથી તીર્થ પ્રવર્તશે. વળી જૈન શાસ્ત્રોમાં ગુરૂનો આચાર-વૃત્તિ-લક્ષણ વિગેરે લખ્યું છે તે પ્રાયઃ ઉત્સર્ગ માર્ગની અપેક્ષાએ છે અને આ કાળમાં તો પ્રાયશઃ અપવાદની પ્રવૃત્તિ છે. તેથી ઉત્સર્ગ વૃત્તિવાળા મુનિ કેવી રીતે હોઇ શકે, ઋષભનારાચ સંઘયણ, મનોબલ ધૈર્ય તથાપ્રકારનું હાલ છે નહીં તો આ કાળમાં તેવી ઉત્સર્ગ વૃત્તિ જીવ કેમ કરી શકે. તેવી ઉત્સર્ગ વૃત્તિ નથી તો પણ દેશ કાલાનુસારે નિર્ગ્રંથપણું વર્તી રહ્યું છે. શ્રી મહાવીર સ્વામીનું શાસન દુપ્પસહસૂરિ સુધી ચાલશે. તથા શ્રી નિશીથ સૂત્રમાં કહ્યું છે કે—

जासंजमया जीवेसुतावमुल गुणुतरगुणाय ।
इत्तरियथ्थेयसंजम नियंठवउसापडिसवी ॥

"છ કાયના જીવો વિષે જ્યાં સુધી દયા પરિણામ હશે ત્યાં સુધી બકુશ નિગ્રંથ તથા પ્રતિસેવના નિગ્રંથ રહેશે." તે કારણથી ભવ્ય જીવોએ જાણવું કે પ્રવચને કરી રહીત અને ચારિત્ર રહીત, પચમકાળ નહી હોય. માટે પંચમકાળમાં સાધુ નથી એમ જે માને છે તે અયુક્ત છે. આ ભારત વર્ષમાં આ કાળમાં બકુશ અને કુશીળ એ બે નિગ્રંથ છે. બાકીના ત્રણનો વિચ્છેદ છે.

तथाचउक्तं परममुनीभिः वकुसकुसीलादोणुण जातिथ्थं तावहोहंति—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બકુશ અને કુશીળ એ બે પ્રકારના નિગ્રંથ યાવત્ તીર્થ સુધી રહેશે. વીતરાગ વચન અતિ ગંભીર છે. માટે તેમાં ભવ્ય જીવોએ શંકા કરવી નહીં. ઇત્યાદિક વ્યવહાર માર્ગે તીર્થંકર પ્રરૂપીત સત્ય જાણવો. પંચમકાળે બહુલસંસારી કૃષ્ણપક્ષીયા જીવો વીતરાગ વચનોને જ્યાં પોતાની મતિ હોય ત્યાં યુકિત કરી ખેંચી જાય છે. પણ તેમને પરભવમાં મહારૌરવ દુઃખ ભોગવવાં પડશે.

વળી વીતરાગ ભગવંતે બાર ભાવના ભાવવાની કહેલી છે. તે સમ્યક્ રીતે ભાવે. તેનું સ્વરૂપ આ પ્રમાણે—

पढममणिच्चमसरणं संसारोएगयाइअन्नत्तं ।
असुइत्तं आसवसंवरोय तहनिज्जरानवमी ॥ १ ॥
लोगसहावोबोही दुल्लहाधम्मस्ससाहगाअरिहा ।
एयाउभावणाउ भावेअव्वापयत्तेणं ॥ २ ॥

૧ પ્રથમ અનિત્ય ભાવના. ૨ બીજી અશરણ ભાવના. ૩ ત્રીજી સંસાર ભાવના. ૪ ચોથી એકત્વ ભાવના. ૫ પાંચમી અન્યત્વ ભાવના ૬ છઠ્ઠી અશુચિ ભાવના. ૭ સાતમી આશ્રવ ભાવના. ૮ આઠમી સંવર ભાવના. ૯ નવમી નિર્જરા ભાવના. ૧૦ દશમી લોક સ્વભાવ ભાવના. ૧૧ અગીયારમી બોધી દુર્લભ ભાવના. ૧૨ બારમી ધર્મના કથન કરનાર અરિહંત છે એવું ચિંતવવું. આ બાર ભાવના દિવસે અગર રાત્રીએ અવશ્ય ભાવવી.

બાર ભાવનાનું યત્કિંચિત્ સ્વરૂપ નીચે પ્રમાણે.—

**१. अनित्य भावना**—જેનું શરીર વજ્ર સમાન અતિ કઠીણ હતું. તે પણ અનિત્યપણારૂપ રાક્ષસના ભક્ષ થઇ પડ્યા તો કેવળ કેળ સમાન આ જીવોના શરીરને अनित्य राक्षस કેમ મુકશે. વળી સંસારી જીવો આનંદ યુકત થઇને દુધની પેઠે વિષય સુખનો સ્વાદ લે છે પરંતુ મૃત્યુના ભયને દેખતા નથી. હે ભવ્યો ! યાદ રાખો કે આ શરીર પાણીના પરપોટા જેવું છે. તેનો નાશ થતાં વાર લાગશે નહીં. તથા આયુષ્ય હાથીના કાનની પેઠે, ઇંદ્ર ધનુષ્યની પેઠે, વીજલીની પેઠે, સંધ્યારાગની પેઠે ક્ષણીક છે. લક્ષ્મી આંખની પાંપણની પેઠે ચંચળ છે અને સ્વામીપણું સ્વપ્નના રાજ્ય સરખું છે. આંખે કરી જેટલા પદાર્થ દેખાય છે, તે સર્વ પૌદ્ગલીક છે, જડ છે, વિનાશી છે, તે થકી ચેતન ન્યારો છે. કોઈ દીવસ એ જડ વસ્તુ પોતાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવાની નથી અને કોઇની થઇ નથી. રાવણ, પાંડવ કૌરવ જેવા યોધ્ધાઓ પણ આ પૃથ્વીને તથા શરીરને સાથે લેઇ ગયા નથી. બસો વર્ષ ઉપર આ પૃથ્વી ઉપર જે મનુષ્યો જનમ્યા હતા તેમાંનું હાલ કોઇ નથી તો હે ચેતન ! તું વિચાર કે આ શરીર શું એક દિવસ નથી પડી જવાનું? અલબત, પડી જશે. ભાડાની કોટડી સમાન આ શરીર પોતાનું થશે નહીં. એ શરીરે કરી જે પાપકૃત્ય કરવાં પડે છે તે અવશ્ય ભોગવવાં પડશે. હે ચેતન! તું અજ્ઞાન અને મોહમદિરાની ઘેનમાં **अनित्य** વસ્તુને પણ નિત્ય જાણી સંસારમાં રાચેમાચે છે પણ યાદ રાખજે કે-બીલાડી જેમ ઉંદરને પકડી લે છે તેમ બિલાડી સમાન **अनित्य राक्षस** આ દેખાતા શરીરનો ભક્ષ કરી જશે. માટે શરીરને **अनित्य** જાણી તેના ઉપર થતી મમતા નિવારવી. વળી હે ચેતન! તું આ શરીરને સારી રીતે પુષ્ટ કરે છે અને શરીર પુષ્ટ થયે છતે તારી પુષ્ટતાઇ માને છે પણ યાદ રાખ કે-એ શરીર મૃત્યુ બાદ તારી સાથે આવશે નહીં; આ દેખાતું શરીર બળીને ખાખ રૂપ થશે અને તે ખાખ માટી ભૂત થઇ જશે અને તેને કોક ઘર બનાવવાના ઉપયોગમાં લગાડશે. માટે હે ચેતન ! તું શું જોઇને મલકાય છે? અને જેથી સંસારમાં ભટકવું પડે, એવાં પાપનાં કામ કેમ કરે છે? પુત્ર સ્ત્રી ધન હાટ હવેલી બગીચા એ સર્વ **अनित्य** છે. એ અનિત્ય પદાર્થો તત્ત્વબુદ્ધિથી વિચારતા કોઇના થયા નથી અને થશે નહી, એમ જાણજે. સર્વ પદાર્થોનો મનમાં વિચાર કરતાં તે **अनित्य** લાગશે ત્યારે તેનાપરથી **ममत्व** ભાવ દૂર થશે, ત્યારે મનમાં વિચાર આવશે-આ જગતમાં સર્વે પદાર્થ ક્ષણીક છે તો તેના ઉપર ફોગટ મોહ કેમ કરૂં ? એ અનિત્ય પદાર્થો કદી મારા થનાર નથી તો તે પદાર્થોને મારા માની તેને પોતાના કરવા માટે જે પ્રયત્ન કરૂં છું તે યોગ્ય નથી. વળી મનમાં વિચાર આવશે કે—હવે હું કઇ વસ્તુ પ્રાપ્ત કરવા ઉદ્યમ કરૂં કે જેથી સુખી થાઉં ? ગુરૂગમદ્વારા આવા પ્રશ્નના ઉત્તરમાં જણાશે કે-આત્મ તત્ત્વ પ્રાપ્ત કરવાની મહેનત કરૂં કે જેથી વારવાર જન્મ મરણ કરી ભયંકર દુઃખો ભોગવું છું તે મટી જાય આ પ્રમાણે આત્મા ઉપર પ્રીતિ થવાથી જડવસ્તુ ઉપર થતો મોહ અટકશે અને સત્ય અનંત સુખમય આત્મસુખ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરતાં અનુક્રમે આત્માને લાગેલો અષ્ટકર્મરૂપ મેલ ધ્યાનરૂપ પાણીવડે દૂર થશે એટલે આત્મા પરમ આત્મ પદને પામશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂર્ય રાહુ ગ્રહણે જેમ કીર્તિધર રાજાએ સંસારનું अनित्यપણું ભાવ્યું તથા બળદને ધરડો દેખી જેમ કરકંડુ રાજાએ સંસાર સ્વરૂપ અનિત્ય વિચાર્યું. તેમ ભવ્ય જીવોએ આ સંસારનું સ્વરૂપ अनित्य વિચારવું. ઇંદ્ર,ચંદ્ર, નાગેંદ્ર, ચક્રવર્તિ, વાસુદેવ, બળદેવ, રામ, રાવણ, વાળી જેવા મહા બળવાન પુરૂષો પણ अनित्यरूप राक्षसના ભક્ષ થઇ પડયા. તું મનમાં વિચારકર કે તારા જેવા પામર જીવો કાળના સપાટામાં આવશે. એમાં શું કહેવું! માટે હે ચેતન! આવો દશદષ્ટાંતે દુર્લભ મનુષ્ય જન્મ પામી વૃથા કાળ ગુમાવીશ નહીં. અને ધર્મ કાર્યમાં પ્રવૃત્તિ કરજે કે જેથી શાસ્વત સુખ પામીશ. આ સસારમાં ચાર ગતિમાં રઝળવા રૂપ પ્રયત્ન જે ભવ્યજીવો કરતા નથી તેમને ધન્ય છે અને તેમનું જીવતર સફળ છે. બાકી अनित्य પદાર્થોમાં જે મોહ કરે છે તે કર્મની અનંતિ વર્ગણાઓ ગ્રહણ કરી ચતુર્ગતિરૂપ સંસારમાં ભટકે છે. આ પ્રમાણે अनित्य ભાવનાનું સ્વરૂપ વિચારતાં મોહ માયા દૂર થશે અને ધર્મ માર્ગમાં પ્રવૃત્તિ થશે. વળી સત્યાસત્ય-પ્રવૃત્તિ નિવૃત્તિ-હેય જ્ઞેય અને ઉપાદેયનું ચિંતવન થતાં વિવેકરૂપ ચક્ષુવડે મોક્ષ માર્ગનો રસ્તો સિધ્ધો દેખાશે. કહ્યું છે કે—

ગાથા.

जा दव्वे होइ मइ, अहवा तरुणीसु रूववंतीसु ।
साजइजिणवरधम्मे, करयलमज्जेठियासिद्धि ॥

ભાવાર્થ—જેવી જીવોની દ્રવ્ય કમાવવામાં મતિ થાય છે અથવા રૂપવંતી સ્ત્રીઓ ઉપર જેવી તરૂણ પુરૂષોની મતિ થાય છે તેવી મતિ જો જીનેશ્વર કથીત ધર્મમાં થાય તો તેના કરતલમાં મોક્ષ છે એમ જાણવું. આ ગાથાનો હાર્દ વિચારવા યોગ્ય છે. વળી કહ્યું છે કે—

श्लोक—अनित्यानि शरीराणि विभवोनैवशाश्वतः ।
नित्यंसंनिहितोमृत्युः कर्तव्योधर्मसंग्रहः ॥

ભાવાર્થ—દરેક જીવોનાં પ્રત્યક્ષ દેખાતા શરીરો અનિત્ય છે અને સંસારીક વૈભવ શાશ્વત નથી; મૃત્યુ પાછળ લાગી રહ્યું છે માટે ભવ્ય જીવોએ સંસારનું સ્વરૂપ અનિત્ય જાણી વીતરાગ કથીત ધર્મને વિષે પ્રમાદ નહીં કરતાં તનમન ધનથી પ્રયત્ન કરવો. એજ સાર છે. इति अनित्य भावना,

મુનિ બુદ્ધિસાગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# तत्वज्ञान इतिहास अने उत्कर्षना सबंधमां जैनधर्मे करेलो वधारो.

## તા. ૨૧–૫–૧૯૦૦ ના રોજ લંડન–વેસ્ટમીન્સ્ટર હોલ માં ઇસ્ટઇંડીઆ એસોશીએશનની મીટીંગમાં સર રાયમંડ વેસ્ટના પ્રમુખપણા નીચે ગાંધી વીરચંદ રાઘવજીએ કરેલા ભાષણનું ભાષાંતર.

**જૈન** એટલે જિનના અનુયાયી. જેઓ પોતાની ક્રોધ માનાદિક મનોવૃત્તિઓને વશ કરીને આત્માના મૂળ ગુણોને પ્રકાશમાં આણે છે તેઓને **જિન** કહેવાય. આવા જિનો પૈકી જેઓ ચતુર્વિધ સંઘની સ્થાપના કરનાર હોય છે તેઓ અર્હત્ અથવા **તીર્થંકર** કહેવાય છે. ક્રોડોવર્ષના એક અર્ધ ચક્રમાં એવા ૨૪ અર્હત્ થાય છે. ચરમ અર્હત્ **શ્રી મહાવીર** વિદેહ દેશમાં કુંડગ્રામમાં ઇસવી સન પૂર્વે ૫૯૮ માં જન્મ્યા હતા અને ૫૨૬ માં નિર્વાણ પદ પામ્યા હતા.

જ્યારે યુરોપીયન વિદ્વાનો જૈનધર્મના ઇતિહાસનું અવલોકન કરવા લાગ્યા ત્યારે તેઓ જૈન અને બૌધની કેટલાક આચારના બાબતમાં એકતા જોઇને ચકિત થયા પણ જેકબ, બુલર, અને લોબમાનનો આપણે ઉપકાર માનવો જોઇએ કે જેઓએ નિશ્ચય પૂર્વક એમ સાબીત કરી આપ્યું છે કે-જૈનધર્મ બૌધના કરતાં ઘણોજ જુનો છે. બુદ્ધે દેખાવ આપ્યો તે વખતે જૈનધર્મે તો ભારત વર્ષમાં ઉચ્ચપદ પ્રાપ્ત કર્યું હતું.

જેમ બીજે ઠેકાણે તેમ હિંદુસ્તાનમાં પણ તત્વજ્ઞાન તરફ લોકોની વૃત્તિ ત્યારે દોરવાઇ કે જ્યારે દેશમાં ઉદ્યોગ અને શાંતિ પ્રસરી. દરેક ધર્મ તરફ જોતાં એમ માલુમ પડે છે કે પ્રથમ તેઓએ સૃષ્ટિની ઉત્પત્તિ કેમ થઇ તે શોધવાનો આરંભ કર્યો છે; દરેક ધર્મે ઉત્પત્તિ નિયમ સ્થાપવાનો પ્રયત્ન કર્યો છે અને તે પ્રયત્નમાં ઘણા તો એક સ્થુળ કે આધ્યાત્મિક મૂળ વસ્તુએ આવીને અટક્યા છે. સાંખ્ય મતવાળા પ્રકૃતિને મૂળ માને છે, વેદાનુયાયી ઉત્પત્તિવાદ, પારણામવાદ કે માયાવાદનુ સ્થાપન કરે છે, કેટલાક સ્થુળ તો કેટલાક પારમાર્થિક (આત્મીય) એવા મૂળ દ્રવ્યને ઉપાદાન કારણ માને છે. સર્વ ધર્મવાળા ઉપાદાન કારણ સિદ્ધ કરવામાં અનુમાનનો ઉપયોગ કરે છે પણ અનુમિતિ એ પરમાર્થ શોધવામાં હમેશાં સાચુ પ્રમાણ નથી કાર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણ કે થોડી બાબતો જોઇને માણસો અનુમાન બાંધે છે. આપણે મનુષ્યજાત એવી શકિત ધરાવતા નથી કે જેથી બધી બાબતો જોઇ શકીએ. બે ચારબાબતમાં એક નિયમ સામાન્ય રીતે જોયો તો તે ઉપરથી આપણે એવું અનુમાન બાંધીએ છીએ કે-તે નિયમ સર્વ પ્રકારે અને સર્વ બાબતમાં લાગુ પડે છે.

સર્વ ધર્મથી જુદો પડીને જૈનધર્મ સમ્યક્જ્ઞાનને પરમાર્થ પ્રમાણ માને છે, આત્માના દોષ દૂર થયે માણસને તે નિર્મળજ્ઞાન પ્રાપ્તિનો પ્રારંભ થાય છે.

શાસ્ત્રમતાનુસારી હીંદુ ધર્મમાં ઉપાદાન કારણની શોધ આગ્રહ પૂર્વક જોવાય છે. તે એવા વિચારથી કે મૂળ ઉપાદાન કારણ તેજ પરમાર્થ છે. બાકી સર્વ ખોટું છે. મૂળ કારણને **બ્રહ્મ** કહે છે અને સ્થુળભાસ તે સર્વ શાશ્વત બ્રહ્મની નામે અને રૂપે કરીને છાયામાત્ર છે, એમ માને છે. **अहंब्रह्मास्मि** એને પરમાર્થ કહે છે. જૈનમત પ્રમાણે તો મૂળ વસ્તુ (જેમાંથી સર્વ જગત પ્રકટ થયેલું છે, તે ) સિદ્ધ કરવી તેમાં કાંઇ ઉત્કર્ષ નથી. જૈનો તો વિસ્તારવાદના રક્ષક છે. તેઓનો મનોરથ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક પરિપૂર્ણતા પ્રાપ્ત કરવામાં રહેલો છે નિર્ગુણ નિરૂપાધિક અને નિશ્કર્મ એવી મૂળ વસ્તુનો વિચાર પણ જૈન દર્શનમાં દર્શાવ્યો નથી અને તેને અપ્રસ્તુત તેમજ અસમંજસ ગણવામાં આવે છે. " ગુણી કાર્યને જન્મ આપનાર નિર્ગુણ કારણ" એમ માનવું તે ઉપાદાન કારણના નિયમના અયથાર્થ બોધને લીધે છે. કારણ અને કાર્ય, પદાર્થ અને તેના આવિર્ભાવ એ ઉભય એકજ છે. કારણ કાર્ય કરતી વખતે કારણ છે, અને કાર્ય કરતું કારણ તે પોતેજ કાર્ય છે. હાઇડ્રોજન અને ઓકસીજન પોતાની હમેશની સ્થિતિમાં પાણી નથી પણ જ્યારે તેઓ અમુક રીતે ગતિમાં આવે છે ત્યારે પાણી તે એવી સ્થિતિમાં રહેલા હાઇડ્રોજન અને ઓકસીજનજ છે. કોઇ પણ પદાર્થને કેવળ-નિરપેક્ષપણે 'અસ્તિત્વ' વિના બીજું કાંઈ પણ નામ આપી શકાય નહીં. પદાર્થો અને વિચારોના જુદા જુદા સંબંધો (ન્યાયો) શીખવાને વ્યવચ્છેદની રીતિ ઉપયોગી છે પરંતુ અસ્તિત્વ માત્રને કારણ કહેવું અને તેને કાર્યથી જુદું ગણવું તેતો મિથ્યાવ્યવચ્છેદ છે. જ્ઞાન પ્રાપ્તિની જૈનરીતિ આવી છે-પહેલા અસંબંધ પદાર્થ તરીકે એક વસ્તુનું અપરિચ્છિન્ન જ્ઞાન થાય છે ત્યાર પછી વ્યવચ્છેદ રીતી આવે છે કે જે, વસ્તુઓના જુદા જુદા અંશ, ગુણ અને સંબધો દર્શાવવામાં સાધનભૂત છે. છેવટે સંયોગ રીતિ આવે છે કે જે આપણને વસ્તુઓની જુદી જુદી અવસ્થાઓને એકઠી કરી બતાવે છે. વ્યવચ્છેદ રીતિને જૈનો **ન્યાયવાદ** કહે છે અને સંયોગ રીતિને **સ્યાદ્વાદ** અથવા **અનેકાંતવાદ** કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર કહેલું વધારે સ્પષ્ટ કરવાને અર્થે હું એમ કહીશ કે જે માણસમાં વિચારનો ફણગો હમણાજ ફુટ્યો છે તે માણસની નજરમાં અખિલ જગત તે એક અનિશ્ચિત કાંઇક છે એમ આવે છે. પછી તે વ્યવચ્છેદ રીતિ અથવા ન્યાયવાદ રીતિથી તે જગતની જુદી જુદી અવસ્થાઓ વિચારે છે. નિરંતર વહેતી નદીઓ સડી જતી વનસ્પતિઓ અને મરી જતા પ્રાણીઓ તેને એવું ભાન કરાવે છે કે કાંઇ પણ શાશ્વત નથી. તે ઉપરથી તે એવું માનવા ઉપર આવશે કે જગત્ ક્ષણ ભંગુર છે લાંબો વખત વીત્યા બાદ વિચાર શકિત મનુષ્યને એવું ભાન કરાવશે કે જે જે પદાર્થ ચાલ્યો જાય છે તે તે પદાર્થ સર્વથા નષ્ટ મામતો નથી પરંતુ અન્યસ્થાને વા અન્ય રૂપે રહે છે. આ ઉપરથી તે એવું માનવા ઉપર આવશે કે જગત નિત્ય છે. ઉભય સિદ્ધાંત જુદી જુદી અપેક્ષાએ સાચાં છે જ્યારે તેને સંયોગ રીતિ આવડે છે કે તરતજ તે જગતની જુદી જુદી અપેક્ષાઓને એકઠી ધ્યાનમાં લે છે અને એમ સિદ્ધ કરે છે કે સર્વાંશે સત્ય તે સભવતી સર્વ અપેક્ષાઓના સંઘાતમાં રહેલું છે. એકજ દ્રવ્યમાં પરસ્પર વિરૂદ્ધ ભાવ અથવા અપેક્ષાઓની સ્થિતિ, સંકલન નહીં ગ્રહણ કરી શકતા મનને અસંભાવ્ય દેખાશે શંકરાચાર્ય એમ કહેવામાં મોટી ભૂલ કરે છે કે 'જૈન દર્શન માન્ય ન કરવું જોઇએ કારણ કે અસ્તિત્વ અને નાસ્તિત્વ એવા વિરૂદ્ધ ગુણ એકજ વસ્તુમાં કહે છે, પણ તેમ સંભવી શકે નહીં. જેમ એક વસ્તુ એકજ સમયે ગરમ અને ઠંડી હોઇ શકે નહીં તેમ " જૈન એમ નથી કહેતા કે એકજ વસ્તુ એકજ સમયે ઉષ્ણ અને શીત હોઇ શકે. પણ તેઓ એમ તો કહે છેજ કે કોઇ પણ વસ્તુ એકાંત શીત કે એકાંત ઉષ્ણ હોઇ શકે નહીં. તે અમુક સંજોગોમાં ઉષ્ણ હોય છે અને અમુક સંજોગોમાં શીત હોય છે. જૈન એમ નથી કહેતા કે-તેજ વસ્તુનો ભાવ અને અભાવ તેજ વસ્તુમાં એકજ સમયે હોય-પરંતુ તેઓ એમ કહે છે કે એક વસ્તુમાં પોતાનું અસ્તિત્વ અને અન્ય વસ્તુઓનો અભાવ હોય છે. જેનો અર્થ એટલોજ થાય છે કે અમુક વસ્તુને સંપૂર્ણ જાણવાને તે વસ્તુ શુ છે અને શું નથી તે જાણવું જોઇએ. શંકરાચાર્ય ખરૂં કહીએ તો એક માલ વગરના માણસના મુખમાં કાલ્પનિક મત મૂકે છે અને તે મતને તોડી પાડી પોતે પોતાના જય થયો એમ માને છે.

હવે હું જૈન ધર્મના કેટલાક મૂળ તત્વો કહીશ જૈનમત પ્રમાણે જગત્ એ એકઠો કરેલા અને જગત્થી ભિન્ન એવા પુરૂષે કર્તા તરીકે ગતિમાં મુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેસો એવો પદાર્થોનો સમૂહ નથી; પરંતુ તે પોતે અનાશ્રિતપણે પોતાનીજ ઘટનામાં સ્વભાવથી રહેલા નિયમોને અનુસરે છે. અહિયાં નિયમ શબ્દથી અમુક અધિકારી પુરૂષે નિયોજેલો શાસન વિધિ એમ ન સમજવું. પરંતુ નિયમ તે એ કે પદાર્થો વા પ્રાણીઓ અમુક સ્થિતિભાવમાં જેને અનુસરીને વર્ત્તે છે. માટે જૈનવાદ તે એવો ઇશ્વરવાદ નથી કે જેમાં ઇશ્વર જગત્ કર્ત્તા વા જગન્નિયંતા ગણાય. અને તોપણ જૈનમતાનુસારે પરમાત્મા તે એક સાક્ષાત્ પુરૂષ વિશેષ છે; નહીં કે તે એક અપૌરૂષ નિરૂપાધિક નિર્ગુણ આત્મા છે.

અપૂર્ણ.

# जैन कानफरन्स.

જયપુર નિવાસી ગુલાબચંદજી ઢઢાના પૂરતા પ્રયાસથી પહેલી જૈન કનફરન્સ ફળોધી તીર્થે મળી. કેટલાએક ગૃહસ્થો ત્યાં આવ્યા, કેટલાક ઠરાવો કર્યા. બીજીવાર પાલીતાણે મળવા નિરધાર કર્યો, કાર્ય કર્ત્તા ( સેક્રેટરીઓ) નીમ્યા અને કનફરન્સ વિસર્જન કરવામાં આવી. આ પ્રસંગે અમદાવાદ, મુંબઇ, સુરત, ભરૂચ, વડોદરા વિગેરે અનેક શેહેરોથી જૈન વર્ગના આગેવાન ગૃહસ્થો ત્યાં પધારી શક્યા નહીં પરંતુ वचने किं दरिद्रता એ વાક્યાનુસાર પત્ર તેમજ તાર દ્વારા પોતાની સંમતિ, દીલસોજી, દીલગીરી જણાવી એકત્ર થનારનો આભાર માન્યો. એકત્ર થનારાઓએ તેના વિશ્વાસ ઉપર પોતાનો પ્રયાસ ફળવંત માન્યો.

ઉપર કહેલા કાર્યને છ માસ થઇ ગયા, એકત્ર થવાની કેટલીક તકો ગઇ, હજુ કેટલીક બાકીમાં છે, પરંતુ તેને માટે કાંઇ પણ જાગૃતિ ક્યાં છે? સેક્રેટરીઓ શું કરે છે તેની કાંઇ ખબર પડતી નથી. એટલી વાત ખરી છે કે જનરલ સેક્રેટરી શેઠ. લાલભાઈ દલપતભાઇ અને ગુલાબચંદજી ઢઢા બહુ વ્યવસાયવાળા છે, અવકાશ વિનાના છે, તેમને વખત મળવો બહુ મુશ્કેલ છે પરંતુ જ્યારે આવા આખી કોમના હિતના કાર્યમાં જોડાયા—પોતાની ઇચ્છાથી કે કોમની અમૃત દ્દષ્ટિથી જોડાવું પડયું—ત્યારે પછી પોતાની ફરજ બજાવવામાં પાછું હઠવું એ સત્વવાન્ પ્રાણીનું કામ નથી. તેમણે તો બીજા કાર્ય કરતાં આ કાર્ય વધારે મૂલ્યવાળું (અમૂલ્ય) ગણીને અવશ્ય કરવા યોગ્ય છે. આવા કાર્યમાં વીર્ય ફોરવવાની આવશ્યકતા છે. પ્રયત્નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસાધ્ય કોઈપણ કાર્ય હોતું નથી પરંતુ બહુ મુદતથી ટાઢા પડી ગયેલા કાર્યને માટે લાંબા પ્રયત્નની સતત–પ્રયત્નની–સામુદાયિક પ્રયત્નની જરૂર છે.

કેટલાંક કાર્યો દ્રવ્યવાનોથી બની શકે છે, કેટલાંક કાર્ય વિદ્વાનો કરી શકે છે અને કેટલાંક કાર્ય એક દ્રવ્યવાન કે એક વિદ્વાન પણ ધારે તો કરી શકે છે; પરંતુ કેટલાંક કાર્ય સામુદાયિક પ્રયત્ન શિવાય થઇ શકતાં નથી. કનફરન્સમાં કરવાના કાર્યનો પાછલા પ્રકારમાં સમાવેશ થાય છે અને એવા કાર્યોની સિદ્ધિને માટે એવા મહામંડળને એકત્ર થવાની ખાસ જરૂર છે. તેમાં પણ કેટલીકવાર જમાનાને અનુસરતી રીતે પ્રયાસ કરવો પડે છે કેમકે જમાનાની અનુકુળતા પણ કાર્ય સિદ્ધિનું એક નિમિત્ત છે.

તીર્થોની સંભાળ, તીર્થોના વહીવટની ગેરવ્યવસ્થાનો અટકાવ, આશાતનાનું નિવારણ, અનેક જૈન મંદિરોનો જીર્ણોદ્ધાર, કેળવણીની વૃદ્ધિ, સ્ત્રીવર્ગની ચડતી દશા, પુસ્તકના ભંડારોની સંભાળ, તેનું સંરક્ષણ, તેનો જીર્ણોદ્ધાર, નિરાશ્રીત જૈનો માટે ફંડ, કેળવણી લેવામાં મદદ, અનાથ વિધવાઓનું રક્ષણ, અભક્ષાદિકના પ્રવેશનો અટકાવ, મર્યાદાની સંભાળ, આગેવાનોમાં ઐકયતા, પરસ્પરની ઓળખાણ, સંયુકત બળ–ઇત્યાદિ કર્યો આવી કનફરન્સ દરવર્ષે મળ્યા શિવાય અને તેમાં થતા ઠરાવોનો અમલ કરવાના સતત પ્રયત્ન શિવાય–બની શકવાના નથી.

ઇંડીયન નેશનલ કોંગ્રેસ તરફ દૃષ્ટિ કરો, પ્રથમની ઓછી સંખ્યાથી કે કેટલાક આગેવાનોનું પધારવું ન થવાથી નાસીપાસ ન થાઓ, ધીમે ધીમે સંખ્યા વધશે, સૌ આવશે, કાર્ય થવા માંડશે, સર્વત્ર અમલ થશે પરંતુ તેને માટે ધીરજ અને સતત પ્રયત્ન જોશે. કાયર થવાથી કાર્ય થશે નહીં. માટે હિંમત ભેર પોતાની ફરજ સમજીને, પોતાનું હિત સમજીને, પોતાના આત્માનું હિત સમજીને, પોતાની કોમનું હિત સમજીને, દરેક શકિતવાન જનબંધુ સાવધ થાઓ, જાગૃત થાઓ, પોતાની શકિત ફોરવો. દ્રવ્યવાન દ્રવ્યથી, વિદ્વાન વિદ્યાથી, શારીરિક બળવાન શારીરિક પ્રયત્નથી પ્રયત્ન કરશે–મચ્યા રહેશે તો કાર્ય સિદ્ધિ જરૂર થશે. આ સંબંધમાં હાલ તો આટલી પ્રેરણા કરવીજ બસ છે, જનરલ સેક્રેટરીઓ પ્રયત્ન ચલાવશે તો બીજી બાજુથી પણ મદદ મળી રહેશે એમાં સંશય સમજવો નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# वर्त्तमान समाचार.

## ભાવનગર જૈન કન્યાશાળામાં ઇનામનો મેળાવડો.

આ કન્યાશાળાનું સ્થાપન બહુ થોડા વખતથી થયેલ છે છતાં કન્યાઓની સંખ્યા, હાજરી અને અભ્યાસ બહુ સારો જણાયો છે દર ત્રણ ત્રણ માસે ઇનામ આપવાનો મેળાવડો કરવા તેની વ્યવસ્થાપક કમીટીએ નિયમ રાખ્યો છે. તે અનુસારે માહ મ સમાં ઇનામનો મેળાવડો કરવાનો હતો પણ કેટલાક કારણસર તે મુલતવી રહ્યો હતો. મહાવદ ૧૪ શે શ્રી મુંબઇવાળા શેઠ વસનજી ત્રીકમજીએ એ કન્યાશાળાની મુલાકાત લીધી હતી. કન્યાઓનો અભ્યાસ અને તેની શિક્ષક સ્ત્રીઓએ લીધેલો પરિશ્રમ જોઇ તેઓ બહુ ખુશી થયા હતા. તે ઉપરથી તેઆ સાહેબે તરતમાં પોતાને શ્રી સિદ્ધાચળ જવાનું હોવાથી પોતાની તરફથી એક વખત તમામ કન્યાઓને ઇનામ આપવાની ભલામણ કરી હતી અને આવી રીતે પ્રથમજ હિંમત કરનાર જૈનવર્ગની ત્રણે શિક્ષક બાઇઓને પોતાની તરફથી ઉત્તેજન તરિકે એક વર્ષ સુધી દર માસે એકેક રૂપીઓ આપવા ઇચ્છા જણાવી હતી. તે સાથે આ કન્યાશાળાને વિશેષ ઉત્તેજન આપવાની પણ પોતાની ઇચ્છા સૂચવી હતી

ત્યારબાદ ફાગણશુદી ૧ મે ઇનામ આપવાનો જાહેર મેળાવડો કરવામાં આવ્યો હતો. જૈનવર્ગના ઘણા ગ્રહસ્થો પધાર્યા હતા. તે પ્રસંગે સદરહુ કન્યાશાળા વ્યવસ્થાપક કમીટીના પ્રમુખ શેઠ રતનજી વીરજીએ પોતાના પુત્ર પ્રેમચંદના મહાશુદિ ૫ મે થયેલા લગ્નની ખુશાલીમાં સર્વે કન્યાઓને રૂ. ૫૦) લગભગનું ઇનામ વેચ્યું હતું અને રૂ. ૫૧) એ કન્યાશાળાના કાયમી ખર્ચના ફંડમાં આપવા ઉદારતા જણાવી હતી કન્યાઓએ પોતાના અભ્યાસની પરિક્ષાથી તેમજ સુંદર મનોહર ગાયનોથી સભા જનોને પ્રસન્ન કર્યા હતા. બાદ મેળાવડો વિસર્જન થયો હતો.

આવી રીતે જૈન કન્યાઓના અભ્યાસમાં વૃદ્ધિ કરવાની તેમજ તેમને અર્થજ્ઞાન; નીતિની કેળવણી અને તેમને કરવા યોગ્ય ભરત શીવણ વિગેરેનું જ્ઞાન આપવાની ખાસ આવશ્યકતા છે. એવું શિક્ષણ મળવાથી સ્ત્રી જાતિની નિષ્ફળ ચાલી જતી જીંદગી સફળ થશે અને નવી સંતતી પોતાની માતા તરફથી ઉત્તમ વ્યવહારિક જ્ઞાન મેળવશે કે જે તેમને આગળ ઉપર બહુ હિતકારક થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈનધર્મ પ્રકાશના ગ્રાહકોને તથા જૈનબંધુઓને ખબર.

લખતાં અત્યંત ખેદ ઉત્પન્ન થાય છે કે-આ પહેલો અંક છપાઇને ચૈત્ર શુદ ૮ મે આવ્યો, શુદ ૯ મે ગ્રાહકોને મોકલવા માટે બીડવાનું કામ શરૂ થયું એવામાં અકસ્માત અગ્નિપ્રકોપ થવાથી આખી ઓફીસ નવા પંચાંગ ને ચોપાનીઆ, તમામ પુસ્તકો, વેચવાની બુકો, લાઇબ્રેરીની બુકો, ફર્નીચર, ચીનીકામ, ચોપડાઓ વિગેરે સહીત બળીને ભસ્મ થઈ ગયું છે, કાંઇ પણ નીકળી શક્યું નથી. ગ્રાહકોના નામોનું લીસ્ટ પણ બળી ગયું છે તેથી આ પહેલો અંક ફરીને છપાવી યાદદાસ્ત ઉપરથી બની શક્યા તેટલા ગ્રાહકોને મોકલવામાં આવ્યો છે તો હવે જેમના ઉપર ન આવે તે ગ્રાહકોએ પત્ર લખીને મગાવી લેવો.

પાછલું લવાજમ જેટલા વર્ષનું બાકી રહેલ હોય તેટલા વર્ષનું મનીઓર્ડરથી મોકલવું. ચોપડા બળી જવાથી અમે ચોકસ લેણું બતાવવાને અશક્ત છીએ. પણ ગ્રાહકોની તરત મોકલવાની ફરજ છે.

જે જે ગ્રાહકોએ ગયા વર્ષ સુધીનું લવાજમ મોકલ્યું હોય તેમણે ભેટની બુક પત્ર લખીને મંગાવી લેવી. સારા ભાગ્યે એ બુકો અમદાવાદથી બંધાઇને આવેલી ન હોવાથી બચી ગઇ છે.

સભાની અંદરના સરસામાન સુધાં કુલ નુકશાની રૂ.૨૨૫૦૦) લગભગ અટકળવામાં આવે છે. જેની અંદર મોટો ભાગ વેચવાની બુકોનો હતો. વીમો રૂ.૧૨૦૦૦) નો ઉતરાવેલો છે. જેથી તે રૂપીયા આવેથી વેચવાની બુકો તાકીદે મંગાવવામાં આવશે અને સભાની છપાવેલી બુકો ફરીને છપાવવામાં આવશે તેથી બુકો વેચાણ મંગાવનારને થોડા વખત પછી બુકો મોકલવાનું કામ પણ શરૂ કરવામાં આવશે.

પ્રથમ મોકલેલી બુકો સંબંધી જે જૈનબંધુઓ પાસે લેણું હોય તે અથવા એજંટ તરીકેનું કે બીજા પ્રકારનું સભાનું લેહેણું હોય તે પોતપોતાની મેળે સભા તરફ મોકલાવી દેવું, જ્ઞાન દ્રવ્યના દોષમાં ભુલચે ચુકચે પણ રહેવું નહીં.

ભેટ તરિકે જેમને જેમને ચોપાનીયુ મોકલાતું હોય તેમાંથી પણ જેમને ન મળે તેમણે પત્ર લખીને મંગાવી લેવું.

સભાને જો કે આ અસહ્ય ધક્કો વાગ્યો છે, તેમાં પણ લખેલા પુસ્તકોનો જે વિનાશ થયો છે તે અનિવાર્ય નુકશાની છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરંતુ ગત વસ્તુનો શોચ ન કરતાં થોડા વખતમાં પાછું અસલ સ્થિતિમાં કામકાજ શરૂ કરી દેવાની સર્વે સભાસદોની ઇચ્છા છે તે પરમાત્માની કૃપાથી પાર પડશે. એ સંબંધમાં સર્વે જૈન બંધુઓએ યથાયોગ્ય મદદ આપવાની ફરજ વિચારવા અમો તરફથી સૂચવીએ છીએ.

સભાના બહારગામના તેમજ અહીં (ભાવનગર) ના સભાસદોને આ કાર્યમાં તન મન ધનથી પ્રવૃત્ત થવા ખાસ સૂચના આપીએ છીએ.

આ સંબંધમાં વધારે હકીકત પ્રસંગે પ્રસંગે જણાવીશું.

અમરચંદ ઘેલાભાઈ.

શ્રી જૈનધર્મ પ્રસારક સભાના મંત્રી.

---

## ગ્રાહકોને ફાયદો.

ગયા વર્ષમાં પોસ્ટેજ છ આના આપવું પડ્યું છે તે આ વર્ષથી હવે ચાર આના આપવું પડશે, ભેટનું પોસ્ટેજ જુદું આપવું નહીં પડે અને અરધોઆનો વધારે આવશે તેટલો ભેટમાં વધારે ખર્ચ કરવામાં આવશે. પરદેશી ગ્રાહકોએ રૂ. ૧-૪-૦ મોકલવા, નહીં તો અમારી તરફ લખવું જેથી એક અંક વેલ્યુપેબલથી મોકલશું. એટલે માત્ર રૂ. ૧-૫-૦ જ આપવા પડશે. મનીઓર્ડર કરવા જવું નહીં પડે.

તંત્રી.

---

## ગ્રાહકોને ભેટ.

ગયા વર્ષની ભેટ તરીકે "શ્રી વર્દ્ધમાનદ્વાત્રીંશિકા મૂળ, મૂળનો અર્થ; ટીકા, ટીકાનો અર્થ" એ પ્રમાણે છપાવીને ચાર ફાર્મની એક બુક સારી રીતે બંધાવીને તૈયાર કરવામાં આવી છે. અને તે લવાજમ મોકલનાર ગ્રાહકો તરફ મોકલવાનું પણ શરૂ કરવામાં આવ્યું છે. આ ચોપાનીયું પહોંચ્યા પછી એક માસની અંદર ન મળે તો જેમણે લવાજમ મોકલેલ હોય તેમણે પત્ર લખી મંગાવી લેવી. હજુ પણ ચાલુ વર્ષના લવાજમ સહિત જે પાછલું લવાજમ મોકલશે તેમને એક માસ સુધી લાભ આપવામાં આવશે.

For Private And Personal Use Only